
# મહિલાઓના આરોગ્યની દરકાર અર્થે દરેક ઘરમાં અલાયદુ રસોડું હોવું આવશ્યક

દરેક માનવીનું એક સ્વપ્ન હોય છે, 'મારે પણ એક ઘર હોય'. કુટુંબ વ્યવસ્થાની સામાજિક વ્યવસ્થાના કારણે આવો આદર્શ વિચાર જોડાયેલો છે. મનુષ્યના 'ઘરના સપના'માં પરિવાર તો હોય જ, સાથે સાથે ઘરની અંદર દીવાનખંડ- શયનખંડથી માંડીને સંડાસ બાથરૂમ અને રસોઈઘર સુધીનો વિચાર પણ તેમાં સામેલ છે. એટલે ઘર એટલે પરિવારના સભ્યો અને તમામ પ્રકારની સુવિધાઓ સાથેનું ઘર એવો વિચાર અભિપ્રેત હોય છે. જેમ દરેક ઘર-પરિવાર માટે સ્નાનઘર અને શૌચસ્થાન જરૂરી છે તેમ રસોઈઘર પણ એટલું જ જરૂરી છે. રસોડાની આ જરૂરિયાતને ગાંધીનગરના શહેરી-ગ્રામીણ સેન્સસના આંકડાઓમાં જોઈએ તો સંપૂર્ણ સુવિધા સાથેના ઘર હોવાનું સપનું સંપૂર્ણ સાકાર થયેલું જોવા મળતું નથી, રહેવા માટે ઘર તો છે પણ ઘરમાં અલાયદા રસોડાની વ્યવસ્થા જ નથી એમ આંકડાઓ દર્શાવે છે.




**સપનાનું ઘર ખરું પણ મહિલાઓ માટે રસોડાની સવલત નહીં**

ગાંધીનગરની ગ્રામીણ સેન્સસના આંકડા વધુ એમ દર્શાવે છે કે જે પરિવારોના મકાનની અંદરના ભાગમાં રસોઈ થાય છે તેવા ૨૩ ટકા ઉપરાંત મકાનોમાં રસોડું જ નથી ગાંધીનગરના કુલ ગ્રામીણ ઘર પરિવારો પૈકી ૯૬ હજાર જેટલા ઘર-પરિવારમાં રસોઈ કાર્ય ઘરની અંદરના ભાગે થાય છે જેની ટકાવારી ૬૦ ટકા થાય છે. જ્યારે જે ઘર-પરિવારમાં રસોઈ ઘરની બહારના ભાગમાં થાય છે તેની ટકાવારી ૪૦ ટકા છે. મજાની વાત એ પણ છે કે જ્યાં મકાનની અંદરના ભાગમાં રસોઈ થાય છે તેના કરતા ગ્રામીણ વિસ્તારમાં મકાનની બહારના ભાગમાં રસોઈ થવાની ટકાવારી વધારે છે અને એમાં પણ ૨૬% ઘર- પરિવારોની મહિલાઓને અલગ રસોડાની સુવિધા નથી.

એવી જ રીતે જો ગાંધીનગરના શહેરી વિસ્તારની વિગતો જોઈએ તો ગાંધીનગરના કુલ શહેરી ઘર-પરિવાર કોઈ પૈકી ૮૭ ટકા પરિવારોના ઘરમાં ઘરની અંદરના ભાગમાં જ રસોઈ બને છે. આ પૈકીના ૭૪% ઘર-પરિવારમાં રસોડાની સુવિધા છે, માત્ર ૧૩ ટકા ઘર એવા છે કે જ્યાં રસોડું નથી. બાકીના સાડાબાર ટકા જેટલા ઘર-પરિવારમાં રસોઈ ઘરની બહાર જ બને છે અને એ પૈકી ચાર ટકા પરિવાર પાસે રસોડાની સુવિધા છે અને ૮ ટકા પાસે રસોડાની કોઈ સુવિધા જ નથી.

ઉપરછલ્લી દ્રષ્ટિ એમ લાગે કે કદાચ કોઈ ઘરમાં રસોડાની સુવિધા નથી તો શું ફેર પડે?- એક રીતે આવું વિચારે તો વાજબી છે. કારણકે રહેવા માટે ભલે છત કાચી હોય કે પાકી પણ ઘર તો છે એવો સધિયારો કોઈને પણ હોય. પરંતુ જ્યારે આપણે ઘર અને પરિવાર બંનેનો વિચાર કરતા હોઈએ ત્યારે બહુ સ્વાભાવિક છે કે ઘરના સભ્યોની આરોગ્ય વિષયક કાળજી રાખવી પણ એટલી જ જરૂરી હોય છે. જો ઘરમાં રસોડું પહેલેથી આયોજનબદ્ધ રીતે તૈયાર કરવામાં આવ્યું હોય તો પવનની દિશા નક્કી કરીને બનાવવામાં આવે છે અને આથી રસોઈ દરમિયાન થતો ધુમાડો સરળતાથી ઘરની બહાર જતો રહે એવી વ્યવસ્થા કરવામાં આવી હોય છે. આમ તો આ સાવ નાની એવી વાત છે પરંતુ ઘરમાં ધુમાડો શ્વાસમાં જાય તો

● અનુસંધાન પાના - ૭ પર

# આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

## શહેરમાં શાળા સંકુલો વિદ્યાર્થીઓના કેકારવથી ગૂંજી ઉઠશે : માર્ગો પર ટ્રાફિકમાં પણ હલચલ જોવા મળશે

ગાંધીનગર, તા. ૯

"ટન ટન ટન ઘંટી બજે સ્કૂલ કી, ચલો સ્કૂલ તુમકો પુકારે" શહેરમાં સોમવારથી શાળામાં નવા સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે અને તે સાથે જ શાળા સંકુલો ફરી એકવાર વિદ્યાર્થીઓના કેકારવથી ગૂંજી ઉઠશે. શહેરના માર્ગો પર પણ શાળાઓ શરૂ થવાને કારણે ટ્રાફિકમાં ચહલપહલ જોવા મળશે અને સ્કૂલવાન-સ્કૂલ રીક્ષાઓ માર્ગો પર દોડતી થઈ જશે અને શાળા સંકુલોમાં સ્કૂલ બેલનો મધૂર સ્વર ગૂંજતો સાંભળવા મળશે.

ઉનાળુ વેકેશનના અંત સાથે શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. અનેક બાળકો પહેલીવાર શાળાએ જશે જ્યારે અનેક બાળકો નવા વર્ગમાં અથવા નવી શાળામાં નવા મિત્રો સાથે નવો રોમાંચ અનુભવશે. શાળા શરૂ થવાને પ્રારંભે મનમાં અનેક પ્રકારના ઉમંગો અને આશાઓ સાથે બાળકો શાળા સંકુલમાં પ્રવેશતા હોય છે. કેટલાકના મનમાં જુના મિત્રોને વેકેશનના વિરામ પછી ફરી મળવાનો અને વેકેશનના પ્રવાસ કે અન્ય અનુભવોની વાતો કરવાનો ઉમંગ હોય છે તો કેટલાકના મનમાં નવા મિત્રો, નવા શિક્ષકો કેવા હશે તે અંગેની ઉત્સુકતા જોવા મળે છે. શાળા સત્રનો પ્રારંભ થતા વાલીઓની દિનચર્યામાં પણ ફેરફાર આવી જાય છે અને દરેક પરિવારમાં સવારના શાળાના સમયે ચહલ-પહલ કંઈક અલગ જ જોવા મળે છે. આ સાથે બાળકોમાં નવા ગણવેશ કે નવી સ્કૂલ બેગનો રોમાંચ પણ એટલો જ જોવા મળતો હોય છે.

અત્યારે આકરી ગરમીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે આ વાતાવરણમાં સ્વાભાવિક રીતે જ વાલીઓને પોતાના સંતાનોની ચિંતા સતાવશે. અતિશય પડી રહેલી ગરમીના કારણે કેટલાક વાલીઓને વેકેશન લંબાવાશે તેવી આશા હતી જે ઠગારી નિવડી છે એટલે ના છૂટકે બાળકોને શાળાએ મોકલવા પડશે. બીજી તરફ શાળા સંચાલકો પણ ગરમીના વાતાવરણમાં બાળકોની તબિયત ના બગડે તે માટે ચિંતિત હશે અને તે માટે જરૂરી તકેદારી રાખવાની દરકાર લેશે. સરકારી શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાતો જોવા મળશે.

# બાળકની શાળા તત્પરતા માટે ૨૧ દિવસ સુધી મુક્ત શિક્ષણનો અભિગમ અપનાવાશે

## ગુણોત્સવના સ્વરૂપમાં પણ આમૂલ પરિવર્તન : સ્કૂલ એક્રેડિટેશન કમિટીને સક્રિય કરી પાંચ કલર કોડમાં કમાન્ડ એન્ડ કંટ્રોલના માધ્યમથી ગ્રેડીંગ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં ધો. ૧ માં પ્રવેશ લેનાર બાળક શાળા તત્પર બને તે માટે પ્રથમ ત્રણ સપ્તાહ સુધી બાળકને શાળામાં રમત-ગમત સહિતનું મુક્ત વાતાવરણ પુરૂ પાડવાનો નિર્ણય સરકારે કર્યો છે.

ધો. ૯માં પ્રવેશ મેળવનાર બાળકને પણ પ્રથમ સપ્તાહ ધો. ૮માં કરેલ અભ્યાસને યાદ કરવા માટેનું વાતાવરણ પુરૂ પાડવામાં આવશે.

રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવના આગળના દિવસે આ મહત્વના નિર્ણયની જાહેરાત કરી છે. આજે મહાત્મા મંદિર ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટના લોકાર્પણ વેળાએ શાળા તત્પરતા અને સ્થાયીકરણની વાત અંગે જરૂરી માર્ગદર્શન આપતા દ્રશ્ય શ્રાવ્ય કાર્યક્રમ દરમ્યાન આ વાત કહેવામાં આવી હતી.




રાજ્યમાં બાળક સરકારી શાળામાં પ્રવેશ મેળવે ત્યારે તેને બોજ ન લાગે તે હેતુને નજર સમક્ષ રાખી આ નવતર અભિગમ દાખલ કરવામાં આવી રહ્યો છે.

રાજ્ય સરકારે ગુણોત્સવના સ્વરૂપમાં પણ આમૂલ પરિવર્તન કરવામાં આવ્યાની મહત્વની જાહેરાત કરતાં જણાવ્યુ હતુ કે સ્કુલ એક્રેડીટેશન કમિટી જે ૨૦૧૦માં રચવામાં આવેલ તેને વધુ સક્રિય કરવામાં આવશે.

આ માટે રાજ્યની કેટલીક શાળાના શિક્ષકોની પરીક્ષા પણ યોજવામાં આવી હતી. કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટ દ્વારા થનારા રોજેરોજના મોનીટરીંગ થકી પાંચ કલર કોડમાં શાળાનું ગ્રેડેશન નિયત કરવામાં આવશે. આમ ગુણોત્સવનુ સ્વરૂપ બદલાશે.

જે શાળાઓમાં સુવિધાઓને લઈ પ્રશ્ન હશે તે માટે ખાસ સમય આપવામાં આવશે અને સમયમર્યાદામાં તે શાળા દ્વારા સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવશે.

## ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો દાવો

# સરકારી શાળાઓ કરતાં અન્ય શાળાઓ '૦' ટકા પરિણામ મેળવ્યુ હોય તેવી વધુ હતી

## વ્યથાઓ સાંભળી હવે વ્યવસ્થાઓ ઉભી કરવાની છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં ૧.૫૦ લાખ બાળકોએ સરકારી શાળામાં શિક્ષણ માટે ગયા વર્ષે પ્રવેશ મેળવ્યો હતો અને આગામી દિવસોમાં અમને સરકારી શાળામાં પ્રવેશ અપાવોને તેવી ભલામણ કરવા માટે વાલીઓ આવશે.

આ લાગણી કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડસામા અને રાજ્યમંત્રી વિભાવરીબેન દવેએ આજે મહાત્મા મંદિર ખાતે વ્યક્ત કરી હતી.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તો સરકારી શાળામાં શિક્ષણની ગુણવત્તામાં સુધાર આવ્યો છે એટલુ જ નહિ જીરો ટકા પરિણામ મેળવતી શાળાઓ રાજ્યમાં સરકારી ૯ જ્યારે અન્ય ૫૭ શાળાઓ હોવાની વાત કહી સરકારી શાળા માટે આનાથી વધુ સારો પુરાવો કયો હોઈ શકે. તેમણે ધો. ૧૦ અને ધો. ૧૨ના પરિણામોની તુલના રજુ કરી મહાત્મા મંદિરમાં સૌને ચોંકાવી દીધા હતા.

શિક્ષણમંત્રીએ કહ્યુ હતુ કે અમે બાળકોને ચાળી-ચાળીને નહિ વીણી-વીણી પ્રવેશ આપી રહ્યા છીએ. તેમણે કહ્યુ કે અમે કોઈના વિરોધી નથી.




આ પછી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ પોતાના પ્રવચનમાં ચાણક્યના વાક્યને ટાંકીને કહ્યુ હતુ કે અમે બાળ નિર્માણને વર્યા છીએ.

તેમણે કહ્યુ કે વ્યથાઓ વ્યક્ત થઈ ગઈ હવે વ્યવસ્થાઓ ઉભી કરવાનો સમય છે અને સરકાર આ દિશામાં આગળ વધી રહી છે. તેમણે કહ્યુ કે સરકારની નિયત સાફ છે.

મુખ્યમંત્રીએ તેમના પ્રવચનમાં કહ્યુ કે મોદી હે તો મુમકીન હૈ... અઘરા પ્રશ્નો ઉકેલ્યા છે અમે અમારા લક્ષ્યમાં ડગ્યા નથી. તેમણે એવી ખાત્રી આપી હતી કે કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનટ પરથી સરકાર સીધેસીધુ અને અસરકારક મોનીટરીંગ કરશે.



રથયાત્રાનું કાઉન-ડાઉન : અષાઢી બીજને દિને યોજાનાર રથયાત્રાની તૈયારીઓ આરંભાઈ. રથના સમારકામ સાથે વિવિધ વ્યવસ્થાઓની તૈયારીઓ પણ શહેરમાં આરંભાઈ છે. પંચદેવ મંદિરેથી નીકળથી રથયાત્રા શહેરના પરંપરાગત માર્ગો પર ફરે છે. આવનારા દિવસોમાં રથયાત્રા સંદર્ભે તડામાર તૈયારીઓ કરાશે. હજુ પ્રાથમિક તબક્કે રથમાં સુધારા - વધારા કરીને રંગરોગાન કરાશે. શહેરમાં ૩૧ કિલોમીટરના માર્ગો પર રથયાત્રા ફરે છે. ભગવાન જગદીશની રથયાત્રાને વધાવવા શહેરીજનોમાં ઉત્સાહ પ્રવર્તે છે.

# જિલ્લામાં મોટા ઉદ્યોગોની સ્થાપના માટે ઉદ્યોગપતિઓ ઉદાસીન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં મોટા ઉદ્યોગો આવવા માટે બહુ ઉત્સાહિત હોય તેવુ જણાતુ નથી. જિલ્લામાં સર્વિસ સેક્ટરનો જે રીતે વિકાસ થયો છે તેને લઈ પણ આવી સ્થિતિ ઉભરી આવી હોય તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ૨૦૧૫ અને ૨૦૧૭ના વાયબ્રન્ટ સમિટ દરમ્યાન રૂ. ૧૦૦ કરોડથી વધુ રોકાણ ધરાવતા પ્રોજેક્ટમાંથી પાંચ પ્રોજેક્ટ પડતા મુકવામાં આવ્યા છે તેમજ પાંચ પ્રોજેક્ટ હજુ પ્રાથમિક અવસ્થામાં જ હોવાનું અને તેના થકી રોજગાર નિર્માણના લક્ષ્ય અંગે ખાસ્સી પીછેહઠ કરવી પડે તેવુ બિહામણુ ચિત્ર બહાર આવવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની રજેરજની જાણકારી માટે મુખ્યમંત્રીના કાર્યાલયમાં આ અંગે ખાસ સેલ પણ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં તાજેતરમાં જિલ્લાનું આ બિહામણુ ચિત્ર બહાર આવતાં તાબડતોબ જિલ્લાના અધિકારીઓનુ ધ્યાન દોરવામાં આવ્યુ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૫માં વાયબ્રન્ટ માટે રૂ. ૧૦૦ કરોડથી વધુ રોકાણ ધરાવતા બે પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. થયા હતા અને બન્ને પ્રોજેક્ટ પડતા મુકવામાં આવ્યા હતા.

૨૦૧૭ના વાયબ્રન્ટ સમીટમાં ૮ પ્રોજેક્ટના એમ.ઓ.યુ. થયા હતા. જેમાંથી ૩ પ્રોજેક્ટ પડતા મુકવામાં આવ્યા હતા. બાકી રહેલા પાંચ પ્રોજેક્ટ હજુ પ્રિલમનરી સ્ટેજમાં જ હોવાનું જણાયુ છે. તેમજ ૫૦૦ કરોડના અંદાજિત રોકાણ સામે હજુ સુધી ૧૨૯ કરોડનું જ રોકાણ થવા પામ્યુ છે અને જે રોજગારી ઉભી થવી જોઈએ તેટલી થઈ શકી નથી.

આ બાબતે જિલ્લાના અધિકારીઓનું ધ્યાન દોરી અને તેમની પાસેથી વિગતે અહેવાલ માંગવામાં આવતા તંત્રના અધિકારીઓ દોડતા થયા છે.

જિલ્લામાં મધ્યમ, લઘુ ઉદ્યોગોનો વિકાસ પણ ધીમો હોવાનું જણાઈ રહ્યુ છે. જિલ્લામાં સર્વિસ સેક્ટરના વિકાસની સાથે સાથે રોજગારીના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં ધારી સફળતા નહિ મળી હોવાનું પણ તારણ બહાર આવ્યાનું સૂત્રોએ જણાવ્યુ છે.

## ભીષણ ગરમી વચ્ચે હિટવેવની ચેતવણી

ગુજરાતના જુદા જુદા ભાગોમાં હિટવેવના કારણે ત્રણ લોકોના મોત થતાં ખળભળાટ મચી ગયો છે. ભાવનગરમાં બે અને વડોદરામાં એકનું મોત થયું છે. ઉંચા તાપમાનના કારણે જનજીવન પણ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. હિટવેવની સ્થિતિ સૌરાષ્ટ્ર અને કચ્છમાં અને ખાસ કરીને અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છમાં પ્રવર્તી રહી છે. બીજી બાજુ દક્ષિણ પૂર્વ અરેબિયન દરિયા અને આસપાસના લક્ષ્યદ્વીપ વિસ્તાર પર લો પ્રેશરનું નિર્માણ થયું છે જેથી તે આગળ વધવાની શક્યતા છે. આવી સ્થિતિમાં ચક્રવાતી વાવાઝોડુ ફુંકાવાની પણ શક્યતા દેખાઈ રહી છે. હિટવેવની ચેતવણી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવી છે. આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફારની શક્યતા દેખાઈ રહી નથી. આજે પણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૪થી ઉપર રહ્યો હતો. સૌથી વધારે ગરમીનો અનુભવ આજે પણ અમદાવાદ, ડિસા, ગાંધીનગર, સુરેન્દ્રનગરમાં થયો હતો. રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં નોંધાઈ હતી જ્યાં પારો ૪૪.૮ સુધી પહોંચી ગયો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## બેસણું



અમારા પ.પૂજ્ય પિતાશ્રી બળદેવભાઈ ગંગારામ પરમાર (પેથાપુરવાળા, હાલ સેક્ટર-૨૪, ગાંધીનગર) નિવૃત્ત કાર્યપાલક ઈજનેર અને નાયબ સચિવ (માર્ગ અને મકાન વિભાગ) તા. ૬-૬-૨૦૧૯ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. સદ્‌ગતનું બેસણું અને સુંવાળા તા. ૧૦-૬-૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

કમલેશભાઈ બી. પરમાર લિ. અતુલભાઈ બી. પરમાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com